રાજયની બિનસરકારી અનુદાનિત
કોલેજોમા આચાર્યની ભરતી પ્રક્રિયા
અંગે.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ.

ઠરાવ ક્રમાંકઃ એનજીસી /૧૧૨૦૧૧/૨૩૭૦/ ખ

સચિવાલય, ગાંધીનગર

તારીખઃ ૨૮.૫.૨૦૧૫

વંચાણે લીધા-

૧. શિક્ષણ વિભાગના તા.૨૯-૯-૨૦૧૧, તા.૧૪-૧૧-૨૦૧૧,તા.૪-૨-૨૦૧૨,તા.૧૮.૬. ૨૦૧૨ તથા તા.૨૦.૧.૨૦૧૪ ના સમાનાંકી ઠરાવો.

૨. ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીની તા.૨૫.૧૧.૨૦૧૪ ની દરખાસ્ત ક્રમાંક- OW/2014/ ISC8/ 10286

આમુખ -

રાજ્યમાં આવેલી બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં આચાર્યની ભરતી માટે એન.ઓ.સી. આપવામાં આવે છે તેવી કોલેજોમાં અગાઉ કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા હાથ ધરી આચાર્યની ભરતી કરવા માટે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક – ૧ પરના ઠરાવથી મંજુરી આપવામાં આવી હતી. પરંતુ અનુભવે જણાયા મુજબ ભરતી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થઇ શકે તે માટે કમિશ્નર કચેરી દ્વારા કેન્દ્રીયકૃત પધ્ધતિને બદલે વિકેન્દ્રીત પધ્ધતિથી ભરવા માટેની મંજુરી આપવા માટે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક- ૨ ના પત્રથી દરખાસ્ત કરી હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વઃ-

રાજ્યમાં આવેલી બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં આચાર્યની જગ્યાઓ કેન્દ્રીયકૃત પધ્ધતિને બદલે વિકેન્દ્રીત પધ્ધતિથી ભરવા માટે પુખ્ત વિચારણાને અંતે નીચેની શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે.

શરતો-

૧. આ ભરતી પ્રક્રિયા ઉપર વંચાણે લીધેલા ક્રમાંક – ૧ પરના તા.૨૦.૧.૨૦૧૪ ના ઠરાવથી નિયત થયેલ ગુણાંકન પધ્ધતિ અનુસરીને કરવાની રહેશે.

૨. ભરતી પ્રક્રિયા દરમ્યાન સરકારશ્રીની અનામત અંગેની પ્રવર્તમાન સૂચનાઓ મુજબ રોસ્ટર રજીસ્ટર નિભાવવાનું રહેશે.

ગુ.રા. ગાંધીનગર

29 MAY 2015

T/ઠરાવ-૨ / ll

૩. પસંદગી સમિતિમાં સરકારી પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવે તે જોવાનું રહેશે તથા ~~સરકારી પ્રતિનિધિએ ફરજિયાત હાજર રહેવાનું રહેશે.~~

૪. સંબંધિત કોલેજો દ્વારા એન.ઓ.સી. મળ્યાના એક માસમાં બહોળી પ્રસિધ્ધિ ધરાવતા અગ્રગણ્ય વર્તમાનપત્રો (અંગ્રેજી તેમજ ગુજરાતી) માં જાહેરાત આપી, જાહેરાત અન્વયે આવેલી અરજીઓની વિગતો ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીને મોકલી આપવાની રહેશે.

૫. સંબંધિત કોલેજો તરફથી મળેલ માહિતી કમિશ્નર કચેરી દ્વારા યુનિવર્સિટીવાર અલગ કરી, યુનિવર્સિટી હેઠળ આવેલ તમામ કોલેજોની ઇન્ટરવ્યુની તારીખ નક્કી કરવાની રહેશે.

૬. ઇન્ટરવ્યુનુ સ્થળ જે તે યુનિવર્સિટી કેમ્પસમાં રાખવું.

૭. ભરતી બાબતે સંસ્થા દ્વારા વખતોવખત કરવામાં આવનાર કાર્યવાહી / પ્રક્રિયા (જાહેરાતથી લઇ નિમણૂક સુધી) ગુણવત્તા આધારીત, વિશ્વસનીય અને પારદર્શક રીતે થાય તે મુજબ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. ઉપરાંત તમામ ઉમેદવારો જાણી શકે તે માટે સંબંધિત સંસ્થા દ્વારા સંસ્થા, યુનિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીની વેબસાઇટ પર જગ્યાઓ અને ભરતીની વિગતો મૂકવામાં આવે તે કમિશ્નર કચેરીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

૮. આ ભરતી પ્રક્રિયા નિયત સમય મર્યાદામાં પૂર્ણ થાય તે માટેનું સમયપત્રક નક્કી કરી તે મુજબ ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય તે કમિશ્નર કચેરીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(નિ[illegible]જ જાની)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ – ૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ – ૨ (પે એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
- નાણા વિભાગ(પગાર એકમ), સચિવાલય, ગાંધીનગર.
- નાણાસલાહકારશ્રી(શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય.



Scanned by PDFMaker